Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણજીવનનું ઉપનિષદ

[ઈશાવાસ્ય ઉપનિષદનો અનુવાદ, મૂળ પાઠ સાથે]

અનુવાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

20 ग
28

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार
पुस्तकालय

विषय संख्या 20 ग
पुस्तक संख्या 24
आगत पञ्जिका संख्या 38,042

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कृपया १५ दिन से अधिक समय तक पुस्तक अपने पास न रखें।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળા – ૧૪

પૂર્ણજીવનનું ઉપનિષદ

[ઈશાવાસ્ય ઉપનિષદનો અનુવાદ, મૂળ પાઠ સાથે]

અનુવાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

अन्यत्र धर्मात् अन्यत्र अधर्मात्
अन्यत्र अस्मात् कृताकृतात् ।
अन्यत्र भूतात् च भव्यात् च
यत् तत् पश्यसि तद् वद ॥

[कठ – १. २-१४]

ધર્મથી કે ના-ધર્મથી જે જુદું છે, આ કર્યું કે ના-કર્યું તેનાથી જુદું છે, કશું સૃષ્ટિમાં થયેલું કે થનારું એનાથી પણ જુદું છે, — તેને, હે યમ, તું જુએ છે — જાણે છે; તે મને કહે.

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

પુસ્તક નં. ૨૦૧/૨૪
આગત નં. ૩૪,૦૪૨
તારીખ ૬-૫-૬૦

પહેલી આવૃત્તિ, પ્રત ૨,૦૦૦

© સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે. ૧૯૬૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪ : મુંબઈ–૨

રૂપ નવા પૈસા

ફેબ્રુઆરી, ૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

'નવજીવન'ના ૧૯૫૯ના વર્ષમાં દર માસે સ્વાધ્યાય રૂપે ઈશાવાસ્ય ઉપનિષદનું (પાઠ, પદાર્થ, અનુવાદ સાથે) વિવેચન બહાર પાડ્યું હતું. તે ડિસેમ્બર, '૫૯ અંકમાં પૂરું થયું. પછી તેનો સળંગ ગુજરાતી અનુવાદ જાનેવારી, '૬૦ના અંકમાં પ્રસિદ્ધ કર્યો હતો. તેનો એકસૂત્ર અર્થ બતાવવા મંત્રોના અનુવાદને સાંકળી આપતી ટૂંકી ટીપણી પણ વચ્ચે વચ્ચે હતી. મારા આગળના ઉપનિષદના સ્વાધ્યાયો ગ્રંથ રૂપે બહાર પાડ્યા છે, તેમ જ ઈશાવાસ્યની આ સ્વાધ્યાય-લેખમાળા પણ પુસ્તક રૂપે બહાર પડશે. દરમિયાન બીજા એક વિશેષ ખ્યાલથી, એ ઉપનિષદની આ નાનકડી પુસ્તિકા તરત બહાર પડે છે.

આ ખ્યાલ એ છે કે, આ સુંદર નાનકડા ઉપનિષદનો અનુવાદ (મૂળ મંત્રો સહિત) ગુજરાતી વાચકોને તરત મળે, તો જેઓ ઈચ્છે તેમને નિત્યપાઠ કરવા આ નાનકડું પ્રકાશન સારું કામ લાગે.

વળી, આ ઉપનિષદના અમુક મંત્રોના અર્થ વિષે કેટલીક અસ્પષ્ટતા ચાલે છે, તે તેમને અમુક રીતે સમજતાં દૂર થાય છે, એમ લાગ્યું. તે સમજ આ અનુવાદમાં ઉતારી છે, અને તેને સ્પષ્ટ કરવા માટે કેવળ અનુવાદ જોડે થોડીક ટીપણી મૂકી છે.

એક અંગત કારણ પણ આ પુસ્તિકા તરત બહાર પાડવા વિષે રહેલું છે. મારી ષષ્ટિપૂર્તિ ગયે વરસે ઊજવાઈ, તે નિમિત્તે હજારો ભાઈબહેનોએ તે માટેના ફાળામાં પોતાની ફૂલપાંખડી મોકલી. મને થયું કે, તે દરેકનો અંગત રૂપે આભાર માનવાના નિમિત્તે, ઉપનિષદની આ પુસ્તિકા તેમને ભેટ તરીકે મોકલવી, એ સરસ સંભારણું થાય. મારે મન આ ઉપનિષદનું રહસ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનની જટિલ સમસ્યા ઉકેલવાને માટે ગુરુકિલ્લી જેવું છે. એના પહેલા બે મંત્રો તો આર્ય તત્ત્વજ્ઞાનમાં ભાત પાડતી એક અનોખી વાત કરે છે.

આ ઉપનિષદ એક સંહિતા છે. ૧૮ શ્લોકોમાં કોઈ ઋષિએ પૂર્ણ-જીવનની સમગ્ર મીમાંસા ગ્રથિત કરી આપી છે. તેનો આ સરળ અનુવાદ, તે મહાન અજ્ઞાત ઋષિને નમસ્કાર કરીને અને ઈશ્વરનું નામ લઈને, ગુજરાતી વાચકો આગળ રજૂ કરું છું; તે સૌને ગમશે, એવી આશા છે.

વિદ્યાપીઠ તરફથી ચાલતી શ્રી રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળામાં તે પ્રસિદ્ધ થાય છે. એનો વિસ્તૃત વિવેચનવાળો સ્વાધ્યાય-સંગ્રહ-ગ્રંથ હવે પછી તૈયાર થયે અભ્યાસીઓને માટે બહાર પડશે.

૨૫–૧–૧૯૬૦ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રાસ્તાવિક ૧
શાંતિપાઠ – પૂર્ણનું સ્વરૂપ

મંડળ – ૧
તત્ત્વમીમાંસા

અધ્યાય ૧ ૩
જીવ, જગત અને ઈશ (મંત્ર ૧)
પૂર્ણજીવનનો આદેશ (મંત્ર ૨)
અધ્યાય ૨ ૪
આત્મહન્ જનોની ગતિ (મંત્ર ૩)
અધ્યાય ૩ ૫
જગતનું સત્ય સ્વરૂપ (મંત્ર ૪, ૫)
અધ્યાય ૪ ૬
આત્મવાન્‌ની ગતિ (મંત્ર ૬, ૭)
અધ્યાય ૫ ૭
ઈશનું સ્વરૂપ (મંત્ર ૮)

મંડળ – ૨
કર્મમીમાંસા

અધ્યાય ૧ ૧૦
કર્મ અને આત્મપ્રાપ્તિ (મંત્ર ૯ થી ૧૧)
અધ્યાય ૨ ૧૨
લોકસંગ્રહ અને આત્મપ્રાપ્તિ (મંત્ર ૧૨ થી ૧૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડળ – ૩
ભક્તિ-મીમાંસા

અધ્યાય ૧ ૧૪
પૂષન્ દેવની સ્તુતિ (મંત્ર ૧૫, ૧૬)
અધ્યાય ૨ ૧૫
જીવને ઉદ્બોધન (મંત્ર ૧૭)
અધ્યાય ૩ ૧૫
અગ્નિની સ્તુતિ (મંત્ર ૧૮)

ઈશાવાસ્ય ઉપનિષદ્ [મૂળ પાઠ] ૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણજીવનનું ઉપનિષદ

પ્રાસ્તાવિક

ઉપનિષદોમાં ઈશાવાસ્ય ઉપનિષદ એક રીતે અદ્વિતીય છે. તેમાં જ ગીતાનો અનાસક્તિ-મંત્ર તથા કર્મ-અકર્મ-વિકર્મની – 'કૃત્સ્ન'-કર્મની ગહન ફિલસૂફી, જગતના બે ભૂતસર્ગ કે જીવોની દૈવાસુર ગતિની કલ્પના, પૂર્ણ-બ્રહ્મ તથા ઈશભક્તિ વગેરે સ્પષ્ટ રૂપે જોવા મળે છે. અને તેમાં જીવનનો તત્ત્વસિદ્ધાંત કહ્યો છે કે, જીવન પૂર્ણ છે, માટે સાધના પૂર્ણજીવનની હોવી જોઈએ. એવા પૂર્ણયોગની મીમાંસા આ ઉપનિષદમાં જોવા મળે છે.

આથી કરીને, આ ઈશાવાસ્ય ઉપનિષદને વર્ણવવા તેને 'પૂર્ણજીવનનું ઉપનિષદ' કહીને તેવું મથાળું કર્યું છે. જે કાંઈ છે તે બધું પૂર્ણ છે, એ મૂળ સિદ્ધાંતને જણાવી, તેને આધારે, જીવન માટે તેવો જ પૂર્ણ આદેશ આ ઉપનિષદ આપે છે.

તેનું વસ્તુ સળંગ સમજાય તે માટે, મંત્રોની વાતને ટૂંકમાં સાંધી આપતી સમજૂતી ઉમેરી છે, જે નાનાં બીબાંમાં મૂકી છે; મંત્રોનો અનુવાદ મોટાં બીબાંમાં છે. એમ કરવામાં ઈરાદો એ રખાયો છે કે, આ અદ્વિતીય ઉપનિષદનો ગુજરાતી પાઠ સળંગ વાંચવા મળી જાય. મૂળ સંસ્કૃત પાઠ પણ અંતે આપ્યો છે.

બીજું, આ ઉપનિષદ નાનું છે, છતાં તેના મંત્રોના વસ્તુવાર ખંડ અને તેમાં અધ્યાય પાડીને તેનું વસ્તુ દર્શાવવાની છૂટ લીધી છે; તેથી વાચકને તે સમજવામાં સુગમ પડશે, એમ માન્યું છે. આમ કરવાથી ઉપનિષદનો બોધ સળંગસૂત્ર એક શો છે તે જણાઈ આવે છે. ગીતાનો મુખ્ય ઉપદેશ આ ઉપનિષદથી આધાર પામે છે; બીજી બાજુથી એમેય ખરું કે, ગીતાના અધ્યાયો વડે આ અતિ મિતાક્ષરી ઉપનિષદનો મર્મ વિશદ થઈ શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદના શાંતિપાઠમાં પૂર્ણનું સ્વરૂપ વર્ણવે છે, કે જેને બ્રહ્મ પણ આપણે કહી શકીએ :—

પૂર્ણનું સ્વરૂપ

સામે પેલું જે છે તે પૂર્ણ છે.

તારી નજીકમાં આ જે છે, તે પૂર્ણ છે.

પૂર્ણમાંથી પૂર્ણ નીકળે છે. દૂરનું પેલું અને પાસેનું આ — પૂર્ણમાંથી પૂર્ણની ભરનીંગળ કે કાઢઘાલ માત્ર છે.

એની ખૂબી એ છે કે, પૂર્ણમાંથી એમ પૂર્ણ કાઢતાં છતાં, જે બાકી રહે છે તેય પૂર્ણ જ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

[એટલે, આ સત્યની સમજના પાયા ઉપર મનુષ્યે પોતાનો જીવન-વ્યવહાર રચવો જોઈએ. તેનો કાયદો આ પૂર્ણત્વને ન્યાયે વિચારી લેવો જોઈએ. તેની તત્ત્વમીમાંસા મંત્ર ૧ થી ૮ માં કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડળ – ૧

તત્ત્વમીમાંસા

અધ્યાય – ૧

જીવ, જગત અને ઈશ

આ બધું ઈશનો આવાસ છે — સચરાચરમાં બધે ઈશ સભર ભરેલો છે.

જગતમાં જે કાંઈ છે તે સર્વ 'जगत्' એટલે કે જતું–જનારું ક્ષણભંગુર છે.

તેથી કરીને, હે જીવ, તું તેને તજવા મારફત માણ: તે પ્રત્યે ત્યાગબુદ્ધિ સેવશે તો સુખી થશે.

માટે કોઈના ધનની લાલસા ના કરીશ. (કેમ કે ધન કોઈનું આગવું અલગ થઈ શકતું નથી.) (૧)

[એકમાત્ર પૂર્ણની દૃષ્ટિએ જોતાં, જગતની વિવિધતાની જુદાઈ દેખવા-માત્ર કે આવતીજતી – ક્ષણભંગુર હોય ને તેથી તે જો ત્યાજ્ય છે, તો પછી તેને, — એટલે કે, સંસારનાં કામકાજ વગેરે પ્રવૃત્તિને છોડવાં ઘટે ને? એટલે શું કર્મસંન્યાસનો આદેશ સાચો જીવનમાર્ગ છે? કે પછી જગતને ત્યજવાનો આદેશ પાળવા માટે બીજો કોઈ રસ્તો છે?

ઉપનિષદ આના જવાબમાં પૂર્ણજીવનનો આદેશ કહે છે કે, —]

પૂર્ણજીવનનો આદેશ

જગતમાં કર્મો કરતાં રહેતાં જ પૂરાં સો વર્ષનું આયુષ્ય જીવવાની ઇચ્છા કરવી જોઈએ.

એ રીતે વર્તતાં છતાં તને નરને કર્મોનો લેપ નહિ લાગે. એથી બીજો કોઈ ચારો નથી. (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય – ૨

આત્મહન્ જનોની ગતિ

[આ નશ્વર જગતમાં ઈશ એકમાત્ર કાયમ છે, તેથી ક્ષણે ક્ષણે પલટતા રહેતા એવા નશ્વર જગતમાં ત્યાગબુદ્ધિ રાખીને — તેના ધનની લાલસા છોડીને, લેપ ન લાગે તે ઢબે કર્મો કરો — એ જ એક રસ્તો છે? બીજો નથી? હોય તો તે કયો? અને તે બીજે રસ્તે જનારની શી ગતિ થાય?

બીજો રસ્તો છે; તે ઈશના ઇન્કારનો છે. ત્યાગી નહીં, પણ કામકામી બની જગતને વળગવાનો છે. જે છે તે આ દૃશ્ય જગત છે; તેથી તેમાં રચ્યાપચ્યા રહેવું, — જગતના સંગથી જેમ જેવી કામનાઓ જાગે, તેમ તેમને સંતોષવા મથતા રહેવું, એ જીવનતત્ત્વ છે, એમ માનીને ચાલવાનો એ રસ્તો છે.

જગતમાં એવી દૃષ્ટિથી વર્તનારા લોકો પણ હોય છે. તેઓ અસુર કે આત્મહન્ લોકો કહેવાય છે.

આ જગત અનીશ્વર છે, કામનાની તૃપ્તિ એ તેનો એક જ હેતુ છે, — બીજું કાંઈ નહીં, — એ માન્યતા પર ચાલતો તે બીજો માર્ગ ઉપનિષદ હવે વર્ણવે છે:—]

ઘોર અંધકારથી વીંટળાયેલા લોક છે, કે જે અસૂર્ય કે અસુર કહેવાય છે.

જે માણસો આત્મહન્ છે, તેઓ અહીંથી ગયે – મરણ બાદ એ અસૂર્ય લોકો ભણી જાય છે: એમની ગતિ એ અસુર લોકની થાય છે. (૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય – ૩

જગતનું સત્ય સ્વરૂપ

[આવા આત્મહન્ કે અંધ લોકની ગતિ આવી થવાનું કારણ એ છે કે, તેઓ જગતનું સત્ય સ્વરૂપ નથી સમજતા, તેથી અવિદ્યાના અંધારામાં અથડાયા કરે છે. જગતનું સત્ય તો એ છે કે:—]

અનેકતાથી ભરપૂર એવા આ ચલ જગતમાં સદાય સ્થિર અચલ રહેતું એવું એક તત્ત્વ છે. તે મનના કરતાંય વધારે વેગવાળું છે. તેથી મનની ઇંદ્રિયો રૂપી દેવોના કરતાં પણ તે આગળનું આગળ જ રહે છે. એટલે તે દેવો તેને પકડી કે પહોંચી શકતા નથી. (તે એકતત્ત્વ ઇંદ્રિયો વડે અગમ્ય છે.) તે સર્વત્ર અડગ ઊભું છે, જ્યારે બીજા બધા ભૂતપદાર્થો અહીં તહીં દોડતા હોય છે. તેથી તે એ બધાને આંટી જાય છે — તેમની આગળનું આગળ જ ઊભું એવું તિષ્ઠત્ તે છે. તેના અનંત કે પૂર્ણ વ્યાપની અંદર જગતમાં દોડતા બધા પ્રવાહોને તેમના પ્રાણરૂપી માતરિશ્વા ધારણ કરે છે — તે પ્રવાહોને હલાવે ચલાવે છે. (૪)

[જગતની પ્રવૃત્તિ એ માતરિશ્વા રૂપી પ્રાણને આભારી છે. સર્વ ભૂતોમાં જે જીવન છે, તે એ અડગ અદ્વિતીય તત્ત્વ છે, જે જગતનો પ્રાણ છે. જગતમાં સ્થિર સ્થાણુ કે અચલ રહેલું આ વિલક્ષણ તિષ્ઠત્ તત્ત્વ વળી એવું છે કે,]

તે હાલે-ચાલે છે અને હાલતું-ચાલતું નથી! તે દૂર છે અને નજીક પણ છે! તે આ સર્વની અંદર છે અને તેની પાર કે બહાર પણ છે! (૫)

[એટલે કે, તે બધે જ વ્યાપેલું છે. બધું વિકારી છે; પણ તે આ એક અવિકારી મૂળ અધિષ્ઠાનની અંદર અને એના થકી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા સર્વ જગતને આવરીને — અનેકવિધ આ બધાની અંદર છતાં તે બધાની બહાર પણ સદા કાયમ એવું તે એક તિષ્ઠત્ તત્ત્વ જગતનો ખરો કે અમર આત્મા છે. તે ન સમજનાર આત્મહન્ લોકો આથી થાપ ખાય છે. તેથી તેમની ગતિ તમસથી ભરપૂર એવા અસૂર્ય લોકની થાય છે.]

અધ્યાય – ૪

આત્મવાન્‌ની ગતિ

[જગતના એવા આત્મતત્ત્વને હણીને વર્તનારા તે આત્મહન્; અને તેને સમજીને વર્તનારા તેઓ આત્મવાન્ કહેવાય.

આથી એ બે વચ્ચે — એમની ગતિ વચ્ચે હા અને ના જેવો, તમસ અને તેજ જેવો — આભ-જમીનનો ફરક પડે છે.

આત્મહન્ લોકોની ગતિ ઉપર જોઈ. આત્મવાનની ગતિ એવી નહીં, પણ ઊલટી જ થાય; એ હવે કહે છે:—]

પરંતુ, જે મનુષ્ય આત્મામાં જ બધા ભૂત-પદાર્થોને અને બધા ભૂત-પદાર્થોમાં આત્માને જુએ છે, તે મનુષ્ય, તેથી કરીને, ક્યાંય — કોઈ પ્રત્યે જુગુપ્સા કે ઘૃણા કરતો નથી. (૬)

એવી સ્થિતિ કે દશામાં તેવા જ્ઞાની પુરુષને બધાં ભૂતમાત્ર આત્મવત્ જ બને છે.

બધાં સાથે એવું ઐક્ય પામી જનારને શો શોક કે શો મોહ! કશી વાતે કે વસ્તુએ કરીને તેને શોક કે મોહ કેમ કરીને સંભવે! (૭)

[જુદાઈ કે પરાઈ જ ન રહી, પછી જગતનાં ભૂતમાત્ર અંગે તેને અમુક માટે મમતાનો મોહ કે તમુક સાથે પરતાનો શોક ન થાય, એ સ્પષ્ટ છે. આથી તેનાં કર્મો લેપરહિત બને છે. તેવો માણસ — वर्त एव च कर्मणि — કેવળ કર્મ જ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય – ૫

ઈશનું સ્વરૂપ

[આમ આત્મહન્ અને આત્મવાન્‌ની ગતિ નિરાળી છે. પહેલો જગતને જ જોઈ જગત્પરાયણ — આપખુદ કામકામી બનવા પ્રેરાય છે. બીજો આત્મવાન્ મનુષ્ય જગતને આવરીને સદા રહેલા તિષ્ઠત્‌ને સમજીને ત્યાગપૂર્વક તિષ્ઠત્‌પરાયણ બનવા પ્રેરાય છે. તેવા પુરુષને સદા વિકારી એવું આ જગત્, તેની સદા સ્થિર અવિકારી એવી તિષ્ઠત્‌ની ભૂમિકા, અને એને સભર ભરીને — તેને પોતાનો સનાતન આવાસ કરીને રહેતો ઈશ, કે જે જગતને વ્યવસ્થિત રૂપે સદા કાળ ચલાવે છે,— આ બધું તેવા આત્મવાન્ પુરુષને જણાય છે.]

તેણે (ઈશે) એ તેજસ્વી, અકાય કે નિરવયવ નિરાકાર, તેથી કરીને અવ્રણ કે અભેદ્ય, સ્નાયુ ઇ૦ શારીરિક ધાતુઓથી રહિત, શુદ્ધ, નિરામય અને નિષ્પાપ–નિર્વિકાર પવિત્ર એવા તે તિષ્ઠત્‌ને ચોમેર આવરી લીધું છે.

તે કવિ છે, અંતર્યામી, સર્વવ્યાપી, સ્વયંભૂ છે.

જગતના બધા પદાર્થોને તેણે, યથાતથ રીતે, સનાતન સમયને સારુ — સદા કાળ, (વ્યવસ્થિત રીતે પ્રવર્તતા રહે એમ,) રચી મૂક્યા છે. (૮)

[એટલે પછી જગત અને તેનાં બધાં ભૂતો તેમની મેળે, એમના એ ઈશ-સ્થાપિત ન્યાયે ચાલ્યા કરે છે. ઈશને એ વિષે કશો ઉજાગરો નથી, કે જેવો જીવોને પોતપોતાના કામ-સંકલ્પોને લઈને રહે છે. એ જ એમના કર્મલેપનું કે ક્લેશનું કારણ છે, કે જેવું ઈશને નથી.

એટલે મનુષ્યે પણ જો તેવી રીતે ઈશ પેઠે માણવું હોય, તો ઈશનું આવું સ્વરૂપ સમજીને વર્તવું જોઈએ. તેણે જુદા જુદા કામ-સંકલ્પો કરીને તેમના સમારંભરૂપી અવનવા વિશેષ ધર્મો ન કલ્પવા જોઈએ; અને તે ધારણ કરીને ન ચાલવું જોઈએ. પરંતુ યથાતથ ચાલવા બંધાયેલા આ જગતના ઈશ-વિહિત ક્રમમાં જેમ પોતાને માટે નિયત હોય તેમ વર્તવું; એટલે કે, અવનવા બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મો છોડીને એક ઈશ-શરણ લઈને*, તેણે નિયત કરેલાં કર્મ કરતા કરતા પૂરું આયુષ્ય જીવવાની ઇચ્છા કરવી.

આમ પૂર્ણજીવનની મીમાંસામાં પ્રથમ મંડળની તત્ત્વ-મીમાંસા પૂરી થાય છે. તેમાંથી જ બીજો વિચાર પ્રગટ થાય છે કે, ત્યારે કર્મ શી રીતે કરવાં? કર્મ કરવાની પાછળ કઈ દૃષ્ટિ સાચી છે, કે જે મળે તો આ જગત આપણને ક્લેશકર ન નીવડે?

આ બીજા વિચારની મીમાંસા મંત્ર ૯ થી ૧૪ એ છ મંત્રોના બીજા મંડળમાં આવે છે. એમાં ઉપનિષદ જીવનનું ગુહ્ય રહસ્ય રજૂ કરે છે.]

---

* સરખાવો ગીતા અ૦ ૧૮ – ૬૬

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यः मोक्षयिष्यामि मा शुचः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડળ – ૨

કર્મમીમાંસા

[આત્મહન્ અને આત્મવાન્ એમ બે નિરાળા લોકનાં કર્મની ગતિમાં પણ તેવું જ નિરાળાપણું આવી રહે છે. આત્મહન્ મનુષ્ય તમસની કૃષ્ણ ગતિવાળો છે; આત્મવાન્ તેથી ઊલટી એવી પ્રકાશ કે તેજની શુક્લ ગતિવાળો છે. પહેલો એ નથી સમજતો કે, જગત ખરેખર શું છે; જેવું એ છે તેથી અવળું જ માને છે! આ એની અવિદ્યા છે. બીજો તે સમજે છે. આથી કરીને પહેલો અવિદ્યામાં સબડે છે, ઘાંચીના બળદ પેઠે અંદરનો અંદર ફર્યા કરે છે; બીજો એમ અટવાતો નથી, પણ વિદ્યાના સુખમાં લપટાઈને તેમાં ને તેમાં જ રમી શકે છે. આમ એ બંનેનાં કર્મોનાં ફળ તેઓ તે તે પ્રમાણે નિરનિરાળાં ચાખે છે.

કર્મનાં ફળ ઇષ્ટ, અનિષ્ટ, કે ઇષ્ટાનિષ્ટ એવાં મિશ્ર જોવા મળે છે. કર્મોનાં આવાં ફળ જોઈને મનુષ્યો તે પ્રત્યે, જેવું ફળ તે પ્રમાણે, રુચિ કે અરુચિ, રાગ કે દ્વેષ, સંગ કે અસંગ કેળવે છે, જેથી તેઓને કર્મલેપ લાગે છે.

આવો ઇષ્ટ કે અનિષ્ટ એકેનો પણ લેપ કે સંગ ન લાગે એમ વર્તવું હોય તો, કર્મની પ્રેરણા વિદ્યા કે અવિદ્યા ગમે તે કોઈ છતાં, તે બંનેથી નિરાળું એવું જગતનું આત્મ- કે ઈશ- તત્ત્વ જાણવું જોઈએ: મનુષ્યે આત્મપ્રાપ્તિ કરવી જોઈએ. જીવન એવું છે કે, આ પણ કર્મ કરતાં કરતાં જ, એટલે કે જગતમાં રહીને બની શકે છે; તે વિના બીજો આરો નથી, કેમ કે જગત બહાર કોણ છે?

શરૂમાં જ ઉપનિષદે આ સ્પષ્ટ કહ્યું છે. હવે એની આગળ ચર્ચા વિષેના વિચારના છ મંત્રો આવે છે. તેમાં અધ્યાત્મ- કે ઈશ- દર્શનની શ્રુતિ કહી છે, કે જે પૂર્ણજીવનની ચાવી છે. કર્મો એ ચાવી પામી જઈને કરવાં જોઈએ.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય – ૧

કર્મ અને આત્મપ્રાપ્તિ

જેઓ અવિદ્યાને ઉપાસે છે, (કર્મ કરવામાં તેને અપનાવીને જીવનમાં વર્તે છે,) તેઓ ઘોર તમસમાં પ્રવેશે છે.

જેઓ વિદ્યામાં રચ્યાપચ્યા કે રમમાણ રહે છે, (કર્મ કરવામાં શાસ્ત્રવિહિત કર્મ કરવાની વિદ્યાને અનુસરીને જીવનમાં વર્તે છે,) તેઓ તેના કરતાંય કદાચ વધારે તમસમાં પ્રવેશશે. (૯)

[કારણ કે, વિદ્યા- કે અવિદ્યા- પૂર્વક કર્મ કરવામાત્રે કર્મલેપ થાય કે જાય છે એવું નથી. કર્મલેપ તો જગત વિષે ત્યાગ-બુદ્ધિ-પૂર્વક ચાલતાં આત્મજ્ઞાન મળ્યા-ન-મળ્યા પર આધાર રાખે છે. ઉપર કહ્યું એમ, આત્મહન્ મનુષ્ય લેપાય છે, આત્મવાન્ નહીં. આત્મજ્ઞાન વિનાનું કર્મ બંધનકારક છે. માટે આત્માને જાણવો જોઈએ. અને તે તત્ત્વ કેવું છે?—]

તે વિદ્યાથી જુદું જ છે, એમ કહેવાયું છે: તે અવિદ્યાથી જુદું જ છે એમ કહેવાયું છે.

તેના જાણકાર એવા ધીર પુરુષો પાસેથી અમે એમ સાંભળ્યું છે, કે જેમણે અમને એ વિષે કહ્યું છે. (૧૦)

[આ શ્રુતિવાક્ય કહીને ઉપનિષદ આગળ જણાવે છે કે,—]

જે મનુષ્ય વિદ્યા તથા અવિદ્યા એ બેઉની સાથે તેને (આત્માને) જાણે છે, તે મનુષ્ય અવિદ્યા વડે મૃત્યુને તરી જઈ વિદ્યા વડે અમૃત ભોગવે છે — અમરતાનો સ્વાદ માણે છે. (૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[એટલે કે, તે મનુષ્ય મરણ વિષે અભય બને છે અને આત્માનો અમર આનંદ પામે છે.

વિદ્યા કે અવિદ્યાથી કોઈ રીતે કર્મ કરીએ — કર્મમાત્રનું છેવટે જઈને નિદાન જીવાત્માને તેમાંથી તેના નિચોડ કે નિતાર રૂપે જે જ્ઞાન કે સમજનો સાર કે સાક્ષાત્ અનુભવ મળે છે, તે છે. સર્વં કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે એમ ગીતા (૩-૩૩) કહે છે; તે જ સિદ્ધાન્તને ન્યાયે ઉપનિષદ અહીં કહે છે કે,

૧. કેવળ જગતદૃષ્ટિ ધરાવતી અવિદ્યા (એટલે કે તે દૃષ્ટિપૂર્વકનાં કર્મધર્મ) તેના કર્તાને સારાંશે એમ બતાવશે કે, આ બધી ભૂતસૃષ્ટિ મરણધર્મી છે; જગતમાં જે છે તે બધું જ નશ્વર છે.

અવિદ્યાનો આ આખરી મર્મ પામી જઈને જીવાત્મા મૃત્યુનો ભય દૂર કરી શકશે — અવિદ્યાને છાંડશે અને જગત વિષેની સાચી સમજપૂર્વક કર્મ કરશે. તેવું કર્મ શાસ્ત્રોક્ત કે વિદ્યા-પૂત કર્મ હશે. તેથી જગતના સદા સાક્ષાત્ એવા પૂર્ણજીવનની અમર ગતિને જોઈ તેની મજા માણશે, અને છતાં તેની માયાના મોહમાં નહીં રહે.

જગત સદા-પરિવર્તી છે, એનો અર્થ એ છે કે, ભૂત-પદાર્થોનાં જન્મ અને મરણના દ્વંદ્વ વચ્ચે એની ગતિ જોવા મળે છે. જગત કે તેના ઈશ અથવા આત્મા વિષેની અવિદ્યા કે અજ્ઞાનથી કર્મો કરીશું તો તે બતાવશે કે, જે જગતને સત્ય માન્યું છે તે સત્ય નથી; તે તો સદાપરિવર્તી મરણધર્મી છે. બીજી બાજુએ જોતાં તેને વિષેનું જ્ઞાન કે સમજબુદ્ધિ યા વિદ્યા બતાવશે કે, જગતમાં કર્મ કરવાનાં છે તે સમગ્ર જીવનની દૃષ્ટિથી કરવાનાં છે, નહીં કે આત્મહન્ પેઠે આપણાં સ્વાર્થ કે ભોગ-ઐશ્વર્યની તૃપ્તિને માટે. આમ કરવાથી જીવનની સદાગતિમાં રહેલી અમર લીલાનો આનંદ ચાખવા મળે છે.

દેવો અમૃત ચાખે છે અને દાનવો વિષ પામે છે, એમ જે પૌરાણિક વાર્તા છે, તે ઉપરનું આ સત્ય રજૂ કરે છે. દેવો સ્વર્ગમાં સુખ માણે છે, એટલે વિદ્યા વડે તેઓ અમૃતસુખની મજા માણે છે. પરંતુ તેઓય પુણ્ય પરવાર્યે પાછા અવતરશે; એટલે તેઓને માટેય તમસની શક્યતા તો ઊભી જ છે. પુણ્ય-સુખનાં ફળ જોઈને જો તેઓ વિદ્યાના અભિમાનમાં જ રચ્યાપચ્યા રહેશે, તો તેમની ગતિ તો કદાચ વધારે વસમી થશે, કેમ કે સોનાની બેડીને શણગાર માનીને તેઓ તેના બંધનમાં જ રાચશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી ઉપનિષદ કહે છે કે, વિદ્યામાં રહેલા અમરસુખને અને અવિદ્યામાં રહેલા મરણને બંનેને પામવું; — એમ જગતમાં જોવા મળતાં મરણ તથા જીવનનાં બંને પાસાં સહિત મૂળ વસ્તુને સમજીએ. તે ક્યારે બને કે જો, તે બેઉથી પર કે નિરાળું એવું તત્ – આત્મપદ જ છે અને બીજું કાંઈ નહીં, એમ જાણીએ.

માટે વિદ્યા અને અવિદ્યા બંનેથી ચાલતું આ જગત છે, તેમાંના કોઈના ફાંદામાં ફસાયા વગર – તેના ત્યાગપૂર્વક જીવન માણવાની કળા કેળવવી, એ પૂર્ણજીવનનો આદેશ છે, એમ ઉપનિષદ કહે છે.]

અધ્યાય – ૨

લોકસંગ્રહ અને આત્મપ્રાપ્તિ

[વિદ્યાપૂર્વક કર્મ કરવાનો માર્ગ શાસ્ત્રવિહિત પુણ્યનો છે. અવિદ્યાપૂર્વક કર્મ કરવાનો માર્ગ પાપનો — મનસ્વી કામકામી લોકોનો છે.

વિદ્યાના શુક્લ માર્ગે જતાં જગતમાં સૌની સંભૂતિ થાય છે — લોકસંગ્રહ સધાય છે. તેથી ઊલટો અવિદ્યાનો કૃષ્ણમાર્ગ છે; તે લેતાં તદનુરૂપ સિદ્ધિ એ મળે છે કે, જગતની અસંભૂતિ કે બરબાદી યા વિનાશ થાય છે.

આમ વિદ્યા વડે સંભૂતિ તેમ જ અવિદ્યા વડે અસંભૂતિ મળે છે. તેથી કરીને લોકસંગ્રહની અથવા જગતની સંભૂતિ–અસંભૂતિની દૃષ્ટિથી જોઈએ, તો તેમાં પણ એ જ ન્યાય છે કે –]

જેઓ અસંભૂતિને ઉપાસે છે, તેઓ ઘોર તમસમાં પ્રવેશે છે. જેઓ સંભૂતિમાં રચ્યાપચ્યા કે રમમાણ રહે છે, તેઓ તેના કરતાંય કદાચ વધારે તમસમાં પ્રવેશશે. (૧૨)

[કારણ કે, મૂળ મુદ્દાની વાત આત્મા કે ઈશનું અનુદર્શન મેળવવું એ છે. અને આત્મતત્ત્વ કેવું છે? —]

તે સંભવ કે સંભૂતિથી જુદું જ છે, એમ કહેવાયું છે; તે અસંભવ કે અસંભૂતિ યા વિનાશથી જુદું જ છે, એમ કહેવાયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના જાણકાર એવા ધીર પુરુષો પાસેથી અમે એમ સાંભળ્યું છે, કે જેમણે અમને એ કહેલું છે. (૧૩)

[એટલે ઉપનિષદ આગળ કહે છે કે—]

જે મનુષ્ય સંભૂતિ તથા અસંભૂતિ એ બેઉની સાથે તેને (આત્માને) જાણે છે, તે મનુષ્ય અસંભૂતિ કે વિનાશ વડે મૃત્યુને તરી જઈ સંભૂતિ વડે અમૃતને (અમરતાને) માણે છે. (૧૪)

[એટલે, વિદ્યા કે અવિદ્યા, સંભૂતિ કે અસંભૂતિ — કોઈ પણ દૃષ્ટિથી થતું કર્મ આત્માથી અળગું છે. તે જ જગતનું તિષ્ઠત્ સત્ય પામવામાં વચ્ચે આડરૂપે આવે છે. છતાં જગતનાં કર્મો તો કરવાં અને તોય તે વડે ન લેપાવું, એવો વસમો આદેશ ઉપનિષદ આપે છે. તો પછી જીવનો ઉગારો કેમ થાય? તે કર્મ કઈ રીતે કરે? — આનો જવાબ છેલ્લા ત્રીજા મંડળના ચાર મંત્રોમાં છે કે, જીવે ભક્તિનમ્ર બની ઈશની ઉપાસના-પૂર્વક, પાપથી દૂર રહેવું અને પુણ્ય જીવન જીવવું જોઈએ.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડળ – ૩

ભક્તિ-મીમાંસા

અધ્યાય – ૧

પૂષન્ દેવની સ્તુતિ

સત્યનું મુખ હિરણ્મય પાત્રથી ઢંકાયું છે. હે પૂષન્ દેવ, તેને તું ખસેડી લે, જેથી સત્ય ધર્મ દર્શાવતી દૃષ્ટિ મને સાંપડે. (૧૫)

હે પૂષન્ દેવ, હે એકમાત્ર સર્વજ્ઞ-ઋષિ, હે જગતના નિયંતા યમદેવ, હે સૂર્ય, હે પ્રજાપતિપુત્ર, તારી કૃપાએ સંભવતી આ સૃષ્ટિનાં વિવિધ વ્યૂહો કે ભૂત-પદાર્થો રૂપી કિરણોને તું સંકેલી લે, જેથી તારું જે તેજ છે, કે જે તારું કલ્યાણતમ અસલ રૂપ છે, તેને હું જોઉં કે —

પેલો જે, તે પેલો પુરુષ છે, તે હું છું. (૧૬)

[સમગ્ર સૃષ્ટિજીવનના ઝરા સમો જે છે તે ઈશ-સમો પૂષન્ દેવ, 'આત્મા' પદ વડે વર્ણવાતો પેલો પૂર્ણ પુરુષ, અને હું જીવ — આ ત્રણે તત્ત્વતઃ એક જ છીએ, એ જે સત્ય છે, તે સમજવાનું છે. તેની આડે જગતની કામના કે આસક્તિનું રૂપાળું પ્રિયદર્શી આવરણ છે. તેથી દ્વિધા પેદા થાય છે.

પરંતુ ખરું જોતાં તો જગત સતત ગતિ કે પ્રવૃત્તિ છે. એટલે કે, તે સનાતન પરિવર્તન રૂપે જોવા મળે છે. તેની સદા-ચાલુ ગતિ કે પરિવર્તન વડે જ તેની હયાતી મન કે અંતઃકરણ વડે દેખાય છે.

આ ગતિ-પરિવર્તનનો અધિષ્ઠાતા દેવ વાયુ છે. તેના સંચારના બળે જગત ચાલે છે — નભે છે. આ બળ પ્રાણીઓના જીવનરૂપ પ્રાણબળ છે, જેને લઈને તેઓ કર્મો કરે છે. એ કર્મોનો અધિષ્ઠાતા દેવ અગ્નિ છે, કે જે તેમની ગતિ જાણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે જગતની ભૂતિ કે સ્થિતિને લક્ષમાં લઈને કહીએ તો, જે હિરણ્મય આવરણ છે, તે જ તેની વિભૂતિ કે ગતિ છે; એટલે સૃષ્ટિનાં ભૂતો કે શરીરો એ આવરણનાં ઘટક છે; તેમાં સત્યબુદ્ધિની આસક્તિ એ આવરણ છે.

તેથી પૂષન્ દેવ ઉપરાંત વાયુ તથા અગ્નિની પણ સ્તુતિ ઉપનિષદ કરે છે. જોકે, વાત તો એકની એક જ ઈશત્વની છે; અનેક નામો વડે એક જ સત્ય પદાર્થ કહેવાય છે એટલું જ.]

અધ્યાય – ૨

જીવને ઉદ્બોધન

વાયુ અમર અનિલ કે પ્રાણ છે; અને શરીર છેવટે ખાખમાં મળનાર નાશવંત છે. તેથી કરીને, હે કતુ — કર્મજીવી માનવ, કરણીને યાદ કર; હે કતુ, કરણીને યાદ કર. (૧૭)

અધ્યાય – ૩

અગ્નિની સ્તુતિ

[કર્મ યાદ કરવાની સાથે આપણને, પાપકર્મ કરીએ છીએ, તે યાદ આવે છે. તેથી ભક્તિનમ્ર બનીને તેમાંથી ઊગરવા માટે અગ્નિ પાસે લળી લળીને નમન કરી માગવામાં આવે છે કે —]

હે અગ્નિદેવ, અમને સન્માર્ગે વાળીને સુખ-સંભૂતિ તરફ લઈ જા.

હે દેવ, તું સૌનાં કર્મોની ગતિ-રીતિ જાણે છે. અમારું કાળું-કૂડું કે આડું-અવળું પાપ તું દૂર કર.

અમે તને અનેકાનેક વાર નમન કરીએ છીએ. (૧૮)

[પૂર્ણજીવનની નીતિરીતિ આવી છે.]

ૐ એ પૂર્ણ છે, આ પૂર્ણ છે.
પૂર્ણમાંથી પૂર્ણની કાઢઘાલ છે.
પૂર્ણમાંથી પૂર્ણ લેતાં પૂર્ણ જ બાકી રહે છે.
ૐ શાંતિ: શાંતિ: શાંતિ: ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ईशावास्य उपनिषद्

[મૂળ પાઠ]

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शांतिः शांतिः शांतिः ॥

हरिः ॐ

ईशावास्यमिदं सर्वम्
यत् किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुंजीथाः
मा गृधः कस्यस्विद् धनम् ॥१॥

कुर्वन्नेवेह कर्माणि
जिजीविषेच्छतं समाः ।
एवं त्वयि नान्यथेतोऽस्ति
न कर्म लिप्यते नरे ॥२॥

असुर्या (असूर्या) नाम ते लोका अन्धेन तमसावृताः ।
तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥३॥

अनेजदेकं मनसो जवीयो
नैनद् देवा आप्नुवन् पूर्वमर्षत् ।
तद् धावतोऽन्यान् अत्येति तिष्ठत्
तस्मिन्नपो मातरिश्वा दधाति ॥४॥

तदेजति तन्नैजति तद् दूरे तद्वन्तिके ।
तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥५॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यस्तु सर्वाणि भूतानि
आत्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं
ततो न विजुगुप्सते ।।६।।

यस्मिन् सर्वाणि भूतानि
आत्मैवाभूद् विजानतः ।
तत्र को मोहः कः शोकः
एकत्वमनुपश्यतः ।।७।।

स पर्यगाच्छुक्रमकायमव्रणम्
अस्नाविरं शुद्धमपापविद्धम् ।
कविर्मनीषी परिभूः स्वयंभूः
याथातथ्यतोऽर्थान्
व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ।।८।।

अन्धं तमः प्रविशन्ति येऽविद्यामुपासते ।
ततो भूय इव ते तमो य उ विद्यायां रताः ।।९।।

अन्यदेवाहुर्विद्यया अन्यदाहुरविद्यया ।
इति शुश्रुम धीराणां ये नस्तद् विचचक्षिरे ।।१०।।

विद्यां चाविद्यां च यस्तद् वेदोभयं सह ।
अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ।।११।।

अंधं तमः प्रविशन्ति
येऽसंभूतिमुपासते ।
ततो भूय इव ते तमो
य उ संभूत्यां रताः ।।१२।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अन्यदेवाहुः संभवाद्
अन्यदाहुरसंभवात् ।।
इति शुश्रुम धीराणाम्
ये नस्तद् विचचक्षिरे ।।१३।।

संभूतिं च विनाशं च
यस्तद् वेदोभयं सह ।
विनाशेन मृत्युं तीर्त्वा
संभूत्यामृतमश्नुते ।।१४।।

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत् त्वं पूषन् अपावृणु सत्यधर्माय दृष्टये ।।१५।।

पूषन्नेकर्षे यम सूर्य प्राजापत्य व्यूहरश्मीन् समूह ।
तेजो यत् ते रूपं कल्याणतमं तत् ते पश्यामि
योऽसावसौ पुरुषः सोऽहमस्मि ।।१६।।

वायुरनिलममृतमथेदं
भस्मान्तं शरीरम् ।
ॐ क्रतो स्मर कृतं स्मर
क्रतो स्मर कृतं स्मर ।।१७।।

अग्ने नय सुपथा राये अस्मान्
विश्वानि देव वयुनानि विद्वान् ।
युयोध्यस्मज्जुहुराणमेनो
भूयिष्ठां ते नमउक्तिं विधेम ।।१८।।

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।।

ॐ शांतिः शांतिः शांतिः ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા ઉપનિષદ ગ્રંથો

[મૂળ શ્લોક, પદાર્થ, ભાષાંતર અને વિસ્તૃત વિવેચન સાથે શ્રી. મગનભાઈ દેસાઈએ સંપાદિત કરેલા.]

મુંડકોપનિષદ	કિં૦ ૨.૦૦
કેનોપનિષદ	કિં૦ ૧.૭૫
માંડૂક્યોપનિષદ	કિં૦ ૧.૭૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar